જગમાં સહુ સુખિયા હોજો, સાજા રહો સદાય, ભલું હોજો સહુ કોઈનું, દુઃખ થજો ન જરાય....

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૭૧ | ૮ ડીસેમ્બર, ૨૦૨૦, મંગળવાર; કારતક વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે ખેડૂતો દ્વારા ભારત બંધનું એલાન

**કૃષિ કાયદાના વિરોધમાં દેશના અનેક રાજકીય પક્ષો-સંગઠનોનું સમર્થન : સુરક્ષા સઘન કરવા કેન્દ્ર સરકારની સુચના : સવારે ૧૧થી બપોરે ત્રણ વાગ્યા સુધીના બંધના એલાનના પગલે સરકાર ચિંતામાં : પરિસ્થિતિ ઉપર નિયંત્રણ રાખવા પગલાં લેવા દેશવ્યાપી નિર્દેશ**



નવી દિલ્હી, તા.૭

આંદોલનકારી ખેડૂતોના આઠ ડિસેમ્બરે ભારત બંધના એલાનના પગલે કેન્દ્ર સરકારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કડક સુરક્ષા વ્યવસ્થા અને શાંતિ જળવાઈ રહે એવા પગલા લેવાના નિર્દેશ આપ્યા હતા. ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા આ દેશવ્યાપી નિર્દેશમાં કહેવામાં આવ્યું હતું કે, આ દરમિયાન કોરોના ગાઈડલાઈનનું પાલન કરાવવામાં આવે અને સોશિયલ ડિસ્ટેન્સિંગ જાળવી રાખવામાં આવે. ખેડૂતો દ્વારા ક-ષિ કાયદાઓના વિરોધમાં આઠમીએ સવારે ૧૧થી બપોરે ત્રણ વાગ્યા સુધી બંધ પાળવાનું એલાન આપવામાં આવ્યું છે.

ગૃહ મંત્રાલયના એક અધિકારીએ સોમવારે જણાવ્યુ કે, કેન્દ્ર સરકારના આ નિર્દેશોનો મુખ્ય ઉદેશ આઠ ડિસેમ્બરે દેશમાં બનતી કોઈ અપ્રિય ઘટનાને રોકવાનો છે. ભારત બંધનું એલાન

● અનુસંધાન પાન-૭ પર

## ખેડૂતોની જમીન બાનમાં કે લિઝ પર લેવામાં નહીં આવે

**ખેડૂતોની જમીનના સંદર્ભે કેન્દ્રીય મંત્રીની સ્પષ્ટતા : સરકારે ખેડૂતોને ડિજિટલ બજાર આપ્યું છે જેમાં ૧ લાખ કરોડનો વેપાર, ખેડૂતોને ભ્રમિત કરાતા હોવાનો આક્ષેપ**

નવી દિલ્હી, તા.૭

કૃષિ કાયદાને લઈ ખેડૂતોનું પ્રદર્શન ચાલુ છે. આ બધાની વચ્ચે ભાજપે વિપક્ષ પર જોરદાર પ્રહારો કર્યા છે. કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું કે ખેડૂત આંદોલનમાં બિન વિપક્ષી દળો પણ કૂદી પડ્યા છે. આ સતત ચૂંટણી હારી રહ્યા છે એટલે સરકારના વિરોધમાં ઉભા થઈ જાય છે અને પોતાના ભૂતકાળને ભૂલવાની સાથે પોતાના વચનોને પણ ભૂલી જાય છે.

ભાજપના નેતા અને કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું કે કોંગ્રેસે ૨૦૧૪ના મેનિફેસ્ટોમાં એપીએમસી એકટને સમાપ્ત કરશે એમ કહ્યું હતું. ૨૦૧૪માં કોંગ્રેસે પોતાના મેનિફેસ્ટોમાં અંગ્રેજીમાં લખ્યું કે એપીએમસી એકટને રિપિલ કરશે અને હિન્દીમાં લખ્યું કે અમે આ કાયદામાં સંશોધન કરીશું જે અમે કરી રહ્યા છીએ.

વિપક્ષ પર નિશાન સાંધતા કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે 'હું કાયદા મંત્રી તરીકે કહી રહ્યો છું કે ના તો ખેડૂતોની જમીનને



ન તો બાનમાં લેવામાં આવશે અને ના તો લીઝ પર લેવામાં આવશે. અમે ખેડૂતોને ડિજિટલ માર્કેટ આપ્યું છે, જેમાં એક લાખ કરોડનો વેપાર થાય છે. ખેડૂતોને ભ્રમિત કરવાની કોશિષ થઈ રહી છે.

## સીરમે કોરોના વેક્સિનના ઉપયોગ માટેની મંજૂરી માગી

**દવા કંપનીનો દાવો છે કે વેક્સિન ૯૦ ટકા અસરકારક છે : કંપની દ્વારા મહામારી દરમિયાન ચિકિત્સા જરૂરીયાતો અને વ્યાપક સ્તર ઉપર જનતાના હિતનો હવાલો આપતા મંજૂરી આપવાની વિનંતી કરવામાં આવી છે**

નવી દિલ્હી,તા.૭

સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ ભારતમાં ઓક્સફોર્ડની કોવિડ-૧૯ રસી 'કોવિશીલ્ડ'ની આપાતકાલીન ઉપયોગની ઔપચારિક મંજૂરી પ્રાપ્ત કરવા માટે ડ્રગ કંટ્રોલર ઓફ ઈન્ડિયા સમક્ષ અરજી કરનારી પ્રથમ સ્વદેશી કંપની બની ગઈ છે. સત્તાવાર સૂત્રોએ આ જાણકારી આપી છે. સૂત્રોએ જણાવ્યું કે, કંપનીએ મહામારી દરમિયાન ચિકિત્સા જરૂરીયાતો અને વ્યાપક સ્તર પર જનતાના હિતનો હવાલો આપતા આ મંજૂરી આપવાની વિનંતી કરી છે. આ પહેલા શનિવારે અમેરિકી દવા નિર્માતા કંપની ફાઈઝરના ભારતીય એકમે તેના દ્વારા વિકસિત કોવિડ-૧૯ રસીના ઈમરજન્સી ઉપયોગની ઔપચારિક મંજૂરી માટે ભારતીય દવા નિયામક સમક્ષ અરજી કરી હતી. ફાઈઝરની કોરોના રસીને બ્રિટન અને બહરીનમાં આ રીતે મંજૂરી મેળવવાની વિનંતી કરી હતી. તો એસઆઈઆઈએ ભારતીય તબીબી સંશોધન પરિષદની સાથે મળીને દેશના વિભિન્ન ભાગમાં ઓક્સફોર્ડની કોવિડ-૧૯ રસી કોવિશીલ્ડના ત્રીતા તબક્કાની ક્લીનિકલ ટ્રાયલ પણ કરી છે. સત્તાવાર સૂત્રોએ એસઆઈઆઈની અરજીનો હવાલો આપતા કહ્યું કે, કંપનીએ

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- ભારત બાયોટેક કંપનીએ પણ વેક્સિનના ઈમરજન્સી ઉપયોગ માટે મંજુરી માગી
- દિલિપકુમાર અસ્વસ્થ હોવાનું તેમના પત્નિ અને જાણીતા અભિનેત્રીએ જણાવ્યુ.
- હરિયાણામાં જે.જે.પી.ના દસ ધારાસભ્યોમાંથી આઠે ખેડૂતોના આંદોલનને ટેકો જાહેર કર્યો.
- દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સિંધુ બોર્ડર પર ખેડૂતોને મળવા પહોંચ્યા.
- ટીવી અભિનેત્રી દિવ્યા ભટનાગરનું ૩૪ વર્ષની વયે કોરોનાથી નિધન.
- ગુજરાતના તમામ પેટ્રોલ પંપ ચાલુ રહેશે.
- રાજકોટ કલેક્ટર કચેરીના ઝોનલ ઓફિસર અહેસાન ગિલોયા પુત્રના લગ્ન દિવસે કોરોનાથી સંક્રમિત.
- દિલ્હી-એનસીઆર અને બિહારમાં ભારે ધુમ્મસના કારણે ભારે હાલાકી.

## દિલ્હીમાં સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ પર વૃક્ષો કાપવા પર સુપ્રીમનો પ્રતિબંધ

નવી દિલ્હી, તા.૭

કેન્દ્ર સરકારના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ સેન્ટ્રલ વિસ્ટા એટલે કે દિલ્હીમાં નવા સંસદભવન સાથે જોડાયેલા નિર્માણ સંબંધિત અરજી પર સોમવારે સુપ્રીમ કોર્ટે સુનવણી કરી છે. નવા સંસદભવનના નિર્માણની રીત અંગે સુપ્રીમ કોર્ટએ નારાજગી વ્યક્ત કરી છે.

આ મામલામાં દાખલ અરજીઓ પર સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું હતું કે સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ અંતર્ગત કોઈ કન્સ્ટ્રક્શન, તોડફોડ કે વૃક્ષ કાપવાનું કામ ત્યાં સુધી ન થવું જોઈએ જ્યાં સુધી કોઈ પેન્ડિંગ અરજીઓ પર અંતિમ ચુકાદો ન સંભળાવામાં આવે. કેન્દ્ર એ કોર્ટને ભરોસો આપ્યો છે કે આમ જ કરવામાં આવશે. કોર્ટે શિલાન્યાસ પર પ્રતિબંધ લગાવ્યો નથી.

સુપ્રીમ કોર્ટની પેનલે આ અરજીના એક ગ્રુપ પર સુનવણી કરી જેમાં કેન્દ્ર સરકાર દ્વારા સેન્ટ્રલ વિસ્ટાના નિર્માણ કાર્યની રીત પર વાંધો ઉઠાવ્યો છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે સેન્ટ્રસ વિસ્ટા પ્રોજેક્ટનો વિરોધ કરનારી પેન્ડિંગ અરજીઓ પર કોઈ ચુકાદો આવે નહીં ત્યાં સુધી નિર્માણકાર્ય અથવા ઈમારતને પાડવાની મંજૂરી નહીં આપે. સુનવણી દરમ્યાન

● અનુસંધાન પાન-૭ પર








